જન્મદિને વધામણી

શુકન દિનેશભાઈ પટેલ

નિરવ. એસ. શાહ
જે.ઈ. પીજીવીસીએલ રાજકોટ
મો. ૯૪૨૭૦૪૨૭૧૧

શ્રી જય અંબે પરિવાર, ગાંધીનગરની લાડકવાયી તથા ૧૯૯૫ની શરદપૂનમની રૂપેલી રાત્રે જીવનનો પ્રારંભ કરનાર કુ. ચાર્મી લિનેશ પટેલ બાળપણથી જ વિવિધ ક્ષેત્રે રૂચિ ધરાવે છે. પ્રાથમિક શિક્ષણની સાથે સાથે શાળામાં રમતગમત, સાંસ્કૃતિક અને અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓમાં નામના મેળવેલ છે. વધુમાં ૧૩ વર્ષની નાની ઉંમરે ભરતનાટ્યમ ક્ષેત્રે 'આરંગેત્રમ' ની ઉચ્ચ પદ્વી મેળવેલ છે.

શ્રી જય અંબે પરિવારમાં પણ ગાંધીનગરથી અંબાજીથી પાંચ-પાંચ પદયાત્રા પૂર્ણ કરનાર કુ. ચાર્મી એસ.એસ.સી, એચ.એસ.સી.ની ડિગ્રી પણ સારી ટકાવારી સાથે મેળવી હાલમાં એલડીઆરપી કૉલેજમાં સિવિલ એન્જીનીયરીંગના પાંચમા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. અને પ્રથમ સેમેસ્ટરથી જ બ્રાંચ ફર્સ્ટ રહીને સ્કોલરશીપ મેળવે છે. કૉલેજમાં નાટ્ય સ્પર્ધા સહિત સઘળી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા સાથે રંગોળીમાં પણ વિશિષ્ટરૂચી ધરાવતી ચાર્મીએ રંગોળીમાં એક કૃતિ તૈયાર કરેલ છે આ છે તેની ઝલક...

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓનો પ્રી.આર.ડી. કેમ્પ નાગપુરમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૮

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજનાં એન.એસ.એસ. યુનિટનાં ત્રણ વિદ્યાર્થીઓ નાગપુર ખાતે યોજાયેલા વેસ્ટઝોન પ્રી-આરડી કેમ્પમાં ભાગ લીધો હતો. (૧) પટેલ અંજલી (૨) વૈષ્ણવ કાજલ (૩) વાઘેલા જયવીરસિંહ ઉપરોક્ત વિદ્યાર્થીઓએ પ્રી.આર.ડી. કેમ્પમાં યોજાયેલ ડીબેટની સ્પર્ધામાં વૈષ્ણવ કાજલે પ્રથમ નંબર મેળવ્યો હતો. એન. પટેલ અંજલીએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. અને સાત સાજયોમાંથી અંજલી પટેલ અને વૈષ્ણવ કાજલે બેસ્ટ ટીમ તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. દરરોજ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી ત્યાં યોજાયેલ બે જ સ્પર્ધામાંથી બંને સ્પર્ધામાં વિજેતા બની કડી યુનિવર્સિટી અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યું છે. તે બદલ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી અભિનંદન આપ્યા હતા. કૉલેજનાં પ્રિન્સિપાલ શ્રીમતી ડૉ. વિજ્ઞા ઓઝાએ અને સમગ્ર કૉલેજ પરિવારે અભિનંદન આપ્યાં હતા.

અંજલી પટેલ

કાજલ વૈષ્ણવ

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૨
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

સ્ક્રીન-૪
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

સ્ક્રીન-૫
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

જીતપુર પ્રાથમિક શાળામાંથી નિવૃત્ત શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૮

જીતપુર પ્રા.શાળા ખાતે ફરજ બજાવતા સેવાભાવિ શિક્ષણ સોલંકી પુંજાભાઈ એસ. સમગ્ર સેવાકાળ દરમિયાન અરવલ્લી જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાની સેવા આપી ચૂક્યા છે. બાયડ તાલુકામાં સી.આર.સી. તરીકે પણ તેમને સેવા આપેલ છે. તેઓની વય નિવૃત્તિના સન્માન અને તેમની સેવાઓ બિરદાવવા માટેનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે તા. પ્રા. શિ, બાયડ, ચૌહાણ પટેલ નીશાબેને કર્યું હતું, આભારવિધિ આર.સી.પટેલ પશાભાઈએ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યા સ્વાતિબા વાઘેલા તથા જૂથ પરિવારે ભારે જહેમત કરી હતી.

આજથી શાળા-કોલેજોમાં વેકેશન

અમદાવાદ, તા.૮

રાજયની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં આવતીકાલથી સત્તાવાર રીતે દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. આ દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે. જ્યારે આગામી ૩૦મી નવેમ્બરથી શાળા-કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલાં આજે રવિવારે હોવાથી આ વખતે વિદ્યાર્થીઓને કુલ ૨૨ દિવસનું દિવાળી વેકેશન રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ ૨૧ દિવસનું સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આ વેકેશનનો આવતીકાલથી સત્તાવાર રીતે પ્રારંભ થશે. જોકે આજે રવિવાર હોવાથી વિદ્યાર્થીઓને એક દિવસ પહેલા જ વેકેશન મળી ગયું છે. જેને લઈને વિદ્યાર્થીઓનાં કળબળાટ વગર શાળા-કોલેજોમાં કેમ્પસ બની ગયા છે. જ્યારે આગામી ૩૦મી નવેમ્બરથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.બીજુ શૈક્ષણિક સત્ર કુલ ૧૨૧ દિવસનું રહેશે જેમાં કુલ ૧૧ દિવસની જાહેર રજા મળશે. આ દિવાળી વેકેશનને લઈને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આયોજનો પણ કરી દેવામાં આવ્યા છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા 'લાઈફ સ્કીલ એજ્યુકેશન' કેમ્પ યોજાયો

ગાંધીનગર. તા. ૮

ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના યુવા પ્રભાગના નેજા હેઠળ ભારત સરકારના યુવા મંત્રાલયના સહયોગથી બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર દ્વારા શાંતિકેતન પ્રાયમરી અને માધ્યમિક શાળા, સેક્ટર-૨૯ તથા સરસ્વતી પ્રાયમરી અને માધ્યમિક શાળા, સેક્ટર-૧૭ના ધોરણ ૮ થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે લાઈફ સ્કિલ એજ્યુકેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં શાંતિ, પ્રેમ જેવા જીવન મૂલ્યો, સકારાત્મક ચિંતન, વેલ્યુ ગેઈમ, ગોલ સેટીંગ, સુપીરીયર પાવર, સંદેશા વ્યવહારની કળા, ક્રોધ પર વિજય, પ્રભાવશાળી વ્યક્તિત્વ, આત્મ વિશ્વાસ, મહાન પુરુષોની જીવન કહાની (સરદાર વલ્લભભાઈ પટેલ), વ્યસનમુક્તિ, સમયનું મહત્વ, સહનશક્તિ જેવા વિષયો પર ફેકલ્ટી દ્વારા છણાવટ સાથે પ્રકાશ પાડવામાં આવ્યો. સાથોસાથ ગાંધીનગર શેહર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, પાટનગરના જાણીતા મનોચિકિત્સક અને વ્યસનમુક્તિના નિષ્ણાત ડૉ. રાજેન્દ્ર આનંદ અને અરૂણોદય સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી, જ્યોતિ મહિલા મંડળના સેક્રેટરી, અખિલ ભારતીય સામજિક સંઘના કન્વીનીયર અને શેઠ સી.એમ. હાયર સેકન્ડરીના પ્રાધ્યાપક ચેતનાબેન બુચ જેવા મહાનુભાવોની આત્મિક મુલાકાતથી પણ વિદ્યાર્થીઓને જીવન મૂલ્યોનું ભાથુ સાંપડેલ. રોજ સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ના આ કેમ્પના સમાપન પછી વિદ્યાર્થીઓને પરમાત્માની યાદસભર શક્તિશાળી બ્રહ્માભોજન પણ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શાંતિનિકેતન પ્રાયમરી અને માધ્યમિક શાળા, સેક્ટર-૨૯, ગાંધીનગરના આચાર્યભ્રાતા અનિલભાઈ પટેલ તથા વિદ્યાર્થી પ્રતિનિધિઓએ પ્રતિભાવો રજુ કર્યા હતા. ત્યારબાદ નહેરુ યુવાકેન્દ્રના યુથ કન્વીનીયર ભ્રાતા રજનીકાંત સુથાર અને નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગરના ઈન્ચાર્જ ડાયરેક્ટર ભ્રાતા શ્યામસુંદર રાજપુરોહિત આ કેમ્પ બાબતે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. તથા બ્રહ્માકુમારીઝ સેટેલાઈટ અને ખોરજના સંચાલિકા અને બ્રહ્માકુમારીઝ યુવા પ્રભાગના ગુજરાત કો-ઓર્ડીનેટર બી.કે. કૃતિબેન પ્રસંગોપાત પોતાનું પ્રેરણાદાયક વક્તવ્ય રજુ કર્યા હતા. જ્યારે બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર જિલ્લા સંચાલિકા રાજયોગિની બી.કે. કૈલાશદીદીએ આર્શિવચન આપેલ. અંતે વેલ્યુ ગેઈમમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલ ચાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ. ગાંધીનગર કેમ્પમાં નિયમિત હાજર રહેલ ૪૯ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ તથા કેમ્પના સૌ લાભાર્થી વિદ્યાર્થીઓને પરમાત્માની યાદગાર રૂપ ભેટ પણ આપવામાં આવેલ.

રંગોળીમાં પ્રગટ્યો દેશપ્રેમ

સનાતન ભારત વર્ષની પરંપરામાં દીપાવલીનો મોટો ઉત્સવ ભારત ભરમાં મનાવે છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થા, શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે ૫૦ ફૂટના વ્યાસની ગોળાકાર વર્તુળમાં સપ્તરંગની રંગોળીની સજાવટ કરવામાં આવી છે. જેમાં ૨૫ ફૂટનો રાષ્ટ્રનો નકશો રંગબેરંગીથી સજાવવામાં આવ્યો છે. આ નકશામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૫૦ વર્ષ પૂર્વે ભાગેલા ભારતના અભ્યુદમનો કોન્સેપ્ટ દર્શાવવામાં આવ્યો છે. ભારત વર્તમાન સમયે પ્રગતિના પંથે પંકાઈ રહ્યો છે તે માટે સફેદ પગલીઓ પર દર્શાવવામાં આવ્યો છે. આમં ૬૬૦ કિલો રંગ વાપરવામાં આવ્યો છે. વિવિધ રંગોમાં પ્રકાર ૨૦ જેટલા છે. ૭૦ જેટલા સંતો અને સત્સંગી સમુદાયે સેવા આપી છે. અંદાજે ૨૫૦ માનવ કલાક દ્વારા સેવા અપાઈ છે. સપ્ત પ્રવેશ દ્વારોથી આ પ્રવેશ માર્ગ સુશોભિત છે. ૮ - ૪ ફુટ લંબાઈની વિવિધ ૩૦ જેટલી રંગોળી છે. જેમાં સ્વચ્છ ભારત, વ્યસન મુક્ત ભારત અને વડીલોને આદર આપતું ભારત દર્શાવવામાં આવ્યું છે. ૨૦૫ ફુટ લંબાઈ વાળું દિવાળી લખેલ બોર્ડ ૩ડી માં મૂકવામાં આવ્યું છે.

સ્નેહ, સંપ, સહકાર, શાંતિ અને સદ્‌ભાવથી પંચજયોતિનો પંચામૃત જીવનમાં સહુ કોઈ પામે એ જ ઉદ્દેશ શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય પ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા તેમજ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજનો છે.

જયપ્રકાશ વિદ્યાલયમાં નિવૃત્તિ સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૮

જયપ્રકાશ વિદ્યાલય ખાતે સેવક તરીકે ફરજ બજાવતા, ઘનશ્યામભાઈ મીઠાભાઈ મકવાણા જણસારી વયનિવૃત્ત થતાં તેમને હાર્દિક શુભેચ્છા સર નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. શેષજીવન નિરોગી અને આનંદમય પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. ૨૬ વર્ષની સેવાઓની સંસ્થાએ કદર કરી સન્માન કર્યું હતું. સંચાલક મંડળના પ્રમુખ શ્રીમતી દક્ષાબેન અરવિંદભાઈ સુથારે સન્માન કર્યું હતું. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયએ શુભકામનાઓ પાઠવી હતી. શ્રીમતી કામિનીબેન પરમારે સન્માનપત્રનું વાંચન કર્યું હતું. સોલંકી સાહેબ , સચિનભાઈ, શરદભાઈ પટેલ, વિહોલભાઈએ કાર્યક્રમની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. ઘનશ્યામભાઈએ આભારવિધિ કરી હતી.

નિરંતર સુખી રહેવા માટે સચોટ ઉપાય : જીવનવિદ્યા

પોતાના માટે શું મૂલ્યવાન છે ? પોતાનું શુ લક્ષ્ય છે ? તે કેવી રીતે સિદ્ધ કરવું ? વગેરે બાબતો જીવનવિદ્યામાં શીખવાય છે, 'સૌનું શુભ થાય' એવી ભાવના જીવનવિદ્યાની તાલીમમાં સમાયેલી છે

દરેક મનુષ્ય સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. આ હેતુથી તે પોતાનાં કાર્યો અને વ્યવહારો ગોઠવે છે, પણ ખરેખર તે સુખી થાય છે ખરો ? ઊંડાણથી તપાસતાં લાગે છે કે સુખ તો મળે છે પણ થોડા સમય માટે, તે કાયમી નથી, સુખની નિરંતરતા નથી.

જીવનમાં આવતા પ્રશ્નોનાં સ્તર અલગ હોય છે, જેમકે - વ્યક્તિગત સ્તર, કૌટુંબિક સ્તર, સામાજિક સ્તર અને પ્રાકૃતિક સ્તર. આ પ્રશ્નોનાં કારણો તપાસીએ તો આ સૃષ્ટિમાં ચાર અવસ્થાઓ દેખાય છે : પદાર્થ અવસ્થા (હવા, પાણી, જમીન વગેરે), પ્રાણ અવસ્થા (વનસ્પતિ), જીવ અવસ્થા (પશુ,પક્ષી, જીવ-જંતુ) અને જ્ઞાન અવસ્થા (માનવ).

આમાંની પહેલી ત્રણ અવસ્થાનાં આચરણોને તપાસીએ તો દેખાશે કે તેઓ પોતાનામાં વ્યવસ્થિત છે અને અન્ય અવસ્થાઓ સાથે સંતુલન જાળવી રાખે છે. માનવ એક જ એવું એકમ છે જેનું આચરણ નિશ્ચિત નથી, અસંતુલનકારી છે અને અન્ય મનુષ્ય સાથે પણ તે અવ્યવસ્થિત રીતે જીવે છે. આનું મૂળ કારણ માનવનું અજ્ઞાન (ભ્રમ) જ છે, અજ્ઞાનવશ માણસ હાલ પશુચેતનામાં જીવે છે.

અને પશુચેતનાનું લક્ષ્ય તો આહાર, નિદ્રા, ભય અને મૈથુન જ છે. આજના માનવનું વ્યક્તિગત સામાજિક જીવન આ જ દિશામાં છે. આવો માણસ પોતે પણ દુખી થાય છે અને બીજાને પણ દુખી કરે છે.

માનવીને એવી કોઈ સમજનું જ્ઞાન જ નથી જે બધા મનુષ્યોમાંની સુખની ચાહનાને પૂરી કરી શકે.

અલબત્ત, એવી એક પૂર્ણ સમજ છે, જે 'જીવનવિદ્યા' કે સહઅસ્તિત્વવાદ કહેવાય છે.

'જીવનવિદ્યા' એ. નાગરાજના સંશોધનનું પ્રકાશન છે. એમણે દર્શનનાં ચાર, વાદનાં ત્રણ, શાસ્ત્રનાં ત્રણ અને બીજાં ચાર મળી કુલ ચૌદ પુસ્તકો લખી 'જીવનવિદ્યા'નું સૈદ્ધાંતિક સ્વરૂ સ્પષ્ટ કર્યું છે.

જીવનવિદ્યા એ માનવી માટે તૃપ્તિદાયક જીવન જીવવાની વિધિની દરખાસ્ત છે, જેના આધાર પર માનવીય જીવનનાં વિવિધ પાસાં - શિક્ષણ, આરોગ્ય, ઉત્પાદન, વિનિયમ, રક્ષણ, આચરણ, ન્યાય, સંવિધાન વ્યવસ્થા, સંતુલિત જીવનશૈલી વિશે નિશ્ચિત, સાર્વભૌમિક અને વ્યાવહારિક સમાધાનનો ઉદ્‌ભવ થાય છે.

માનવીમાં પહેલી કચાશ એ છે કે તે કોઈપણ બાબતને પૂરી તપાસ કર્યા વિના માની લે છે. બીજી કચાશ એ કે સમજવાની બધી વસ્તુઓ એટલે શું? એ પણ તે જાણતો નથી. માનવલક્ષ્ય સિદ્ધ કરવા માટે સમજ અથવા જ્ઞાનની આવશ્યકતા છે.

કઈ ઘટના શા માટે અને કેવી રીતે બને છે એ જો માણસ સમજી લે તો તે પોતાના સ્વભાવમાં ધીરતા, વીરતા, ઉદારતા, દયા, કૃપા, કરુણા ઉમેરી શકશે. આ માટે તેણે અસ્તિત્વજ્ઞાન, જીવનજ્ઞાન અને આચરણજ્ઞાન મેળવવું જોઈએ. આવું જ્ઞાન થતાં માનવનું લક્ષ્ય સ્પષ્ટ થાય છે અને લક્ષ્યની દિશા નક્કી કરવા વિવેક સંમત વિજ્ઞાન સ્પષ્ટ થાય છે. આ રીતે દરેક માનવ વિકસિત ચેતનામાં જીવતાં જીવતાં સમજદાર બને છે, સમાધાનિત બને છે અને સુખી, સંવાદિત જીવન પ્રાપ્ત કરે છે. આ બાબત સુલભ થાય તે માટેની વિધિ એટલે કે અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન આજે ઉપલબ્ધ છે.

ગુજરાતમાં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠે તેના સ્નાતક અભ્યાસક્રમમાં ૨૦૧૦થી અને ગૂજરાત વિદ્યાપીઠે તેના બીએડના અભ્યાસક્રમમાં ૨૦૧૧થી જીવનવિદ્યા વિષય દાખલ કર્યો છે.

જીવનવિદ્યા શિક્ષણનો પહેલો પ્રયોગ ૧૯૭૧માં બીજનોર (ઉપ્ર)ના ગોવિંદપુર ગામની હાઈસ્કૂલમાં થયો હતો, તેને પાંચ વર્ષ પૂર્ણ થયાં બાદ નાગરાજજીના શબ્દો : 'કુટુંબોમાં વિશ્વાસ, સન્માન, મમતા, વાત્સલ્ય, શ્રદ્ધા, ગૌરવ, કૃતજ્ઞતા અને પ્રેમ જેવાં પાયાનાં મૂલ્યોનું મહત્ત્વ સમજાતું જાય છે અને તેના આધાર પરનું જીવન ગોઠવાતું જાય છે તેવું જોવા મળ્યું છે.'

હાઈસ્કૂલ પછી કૉલેજ કક્ષાએ પણ જીવનવિદ્યા વિષય દાખલ કરાયો. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, કાનપુર, હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી, છત્તીસગઢની સ્વામી વિવેકાનંદ ટૅકનીકલ યુનિવર્સિટીમાં જીવનવિદ્યા અભ્યાસક્રમ હાલ ચાલે છે, જેનાં સારાં પરિણામો મળ્યાં છે.

જીવનવિદ્યા એ મંડળ કે સંસ્થા નથી, તે કોઈ પંથ કે માન્યતા સાથે જોડાયેલી નથી. જીવનવિદ્યા શ્રોતાઓ પાસે માત્ર દરખાસ્ત મૂકે છે. શ્રોતાઓ જાતે ચકાસીને યોગ્ય લાગે તે અપનાવે છે. જીવનવિદ્યાની વાત પૂરી વૈજ્ઞાનિક, તાર્કિક, સાર્વભૌમ બિનસાંપ્રદાયિક, કુદરતી અને જીવનનાં બધાં પાસાં જેવાં કે વિચાર, વર્તન, કાર્ય, વ્યવહાર, અનુભવ, વ્યક્તિ, કુટુંબ, સમાજ અને અસ્તિત્વને સાંકળી લે તેવી છે.

પોતાના માટે શું મૂલ્યવાન છે ? પોતાનું શુ લક્ષ્ય છે ? તે કેવી રીતે સિદ્ધ કરવું ? વગેરે બાબતો જીવનવિદ્યામાં શીખવાય છે. 'સૌનું શુભ થાય' એવી ભાવના જીવનવિદ્યાની તાલીમમાં સમાયેલી છે. જીવનવિદ્યાનાં શિબિરો પણ ગોઠવાય છે, જે માટે લેખકનો સંપર્ક કરી શકાય છે.

- કુમુદચંદ્ર ઠાકર

આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગ્રુપ દ્વારા દિવાળીના પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૮

દિવાળીના પર્વમાં જ્યારે એક બાજુ ખરીદીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે બીજી બાજુ આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગ્રુપ દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે રાહેલબા વૃદ્ધાશ્રમ, મગોડી (ગાંધીનગર)માં અનોખી રીતે ઉજવણી કરવામાં આવી.

આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગ્રુપના યુવાનો વહેલી સવારના રાહેલબા વૃદ્ધાશ્રમ, મગોડી (ગાંધીનગર) પર પહોચીને સવારે ૫.૩૦ થી પ્રભાતની પ્રાર્થના અને ભજન-કીર્તન, યોગ શિબિર કરી અને તેનું મહત્વ અને તેના ઉપયોગો વિશે માર્ગદર્શન પુ. કાનજીભાઈ બાવરી (યોગગુરુ-પતંજલિ) દ્વારા આપવામાં આવ્યું. તથા કયા રોગ માટે કયો યોગ ફાયદાકારક છે તેની પણ

માહિતી આપવામાં આવી. જેમ કે ડાયાબીટીસ અને ગેસ જેવા રોગો માટે કપાલભારતી અને થાઈરોઈડ જેવા રોગો માટે સિંહાસન ફાયદાકારક નીવડે છે. યોગ શિબિરમાં પ્રથમ અને દ્વિતીય આવનારને ઈનામ પણ આપવામાં આવ્યું. આ ઉપરાંત યોગગુરુ દ્વારા કુદરતી ઔષધી અને તેમના માટે પૌષ્ટિક આહાર વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું.

ત્યાર પછી તેમની સાથે સવારનો નાસ્તો કર્યો નાસ્તામાં વેજીટેબલ સેન્ડવિચ અને પાઈનેપલ જ્યુસ આપવામાં આવ્યું હતું. તદ્‌ઉપરાંત વડીલો સાથે હસી મજાકની વાતો કરી અને સાંભળી હતી. અને તેમની સાથે પછી જુદી જુદી રમતો તથા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પણ પ્રથમ અને દ્વિતીય આવનારને ઈનામ આપવામાં આવ્યું. ત્યારબાદ તેમને ગાંધીનગરના વિવિધ સ્થળોની ઝલક અને ગુજાતી નાટક પ્રોજેક્ટરથી બતાવવામાં આવ્યું. ત્યાર પછી દિવાળીના પર્વ નિમિત્તે દરેક વડીલોને મીઠાઈ ખવડાવી તેમનું મોઢું મીઠું કરાવવામાં આવ્યું અને સાથે સાથે તેમને નાની એવી રોકડ રકમ ભેટ સ્વરૂપે આપવામાં આવી. તેમજ સંસ્થાને ઘઉ, ચોખા અને તેલ પણ આપવામાં આવ્યું હતું.

''આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગ્રુપ દ્વારા કરવામાં આવેલ આ દિવાળીના પર્વની ઉજવણી ખરેખર સરાહનીય હતી.''